# પાઠ - ૧૯ આરાધના

**યાદ રાખો :** *" મારી સાથે યહોવાને મોટો માનો અને આપણે એકઠાં મળીને તેનું નામ બુલંદ માનીએ." (ગીતશાસ્ત્ર ૩૪ : ૩)*

**પ્રસ્તાવના :** *ઈશ્વરે સમગ્ર માનવજાતમાં આરાધના માટે ઈચ્છા અને જરૂરિયાત મૂકી છે. આનો પુરાવો ઘણાં પ્રકારની આરાધના દ્વારા જોવા મળે છે. એવી એકાંત જગ્યાઓમાં પણ જ્યાં કહેવાતા અણઘડ લોકો મધ્યે જેમની પાસે નહિવત અથવા બિલકુલ શિક્ષણ નથી. તે પોતે જ માનવજાત કરતાં ઊંચા સામર્થ્ય સાથે વ્યવહાર રાખવાની ઈચ્છા વ્યક્ત કરે છે. ઈશ્વર તેમનું સૃજન તેમની આરાધના કરે એવી ઈચ્છા રાખે છે અને આપણને આરાધના કરવા ઉપર બાઈબલમાં સૂચના આપવામાં આવી છે. આખો ઈતિહાસ દર્શાવે છે કે આપણે ઘણી બધી રીતે આપણી આરાધના સૃજેલી વસ્તુઓને આપીને તેને ગેરમાર્ગે દોરીએ છે અને સર્જનહાર જે એકલા સાચી આરાધનાને યોગ્ય છે તેમને આપી નથી.*

## શા માટે આપણે આરાધના કરીએ છીએ.

(૧) **ઈશ્વર આપણાં ઉત્પન્નકર્તા છે.**

*"કેમકે તેનાથી બધાં ........................ થયા. જે આકાશમાં છે તથા જે પૃથ્વી પર છે, જે દશ્ય તથા અદશ્ય છે...." (કલોસી ૧ : ૧૬)*

(૨) **ઈશ્વર દયાળુ છે.**

*ગીતશાસ્ત્ર ૧૦૬ : ૧ પ્રમાણે ઈશ્વરની દયા ........................ છે અને ૧ પિત્તર ૧ : ૩ પ્રમાણે તેમની દયા ........................ છે.*

*(૩) તેના પરાક્રમી ........................ ને લીધે તેની સ્તુતિ કરો. અને તેના ઉત્તમ ........................ પ્રમાણે તેની સ્તુતિ કરો. (ગીતશાસ્ત્ર ૧૫૦ : ૨)*

*(૪) સંકટના સમયમાં ઈશ્વર કઈ ત્રણ વસ્તુઓ છે ? (ગીતશાસ્ત્ર ૪૬ : ૧)*

*(અ)* ........................

*(બ)* ........................

*(ક)* ........................

*(૫) શા માટે આપણે યહોવાની સ્તુતિ કરવી જોઈએ તેના વધુ બે કારણો આપો. (ગીતશાસ્ત્ર ૧૦૭ : ૮)*

........................ *અને* ........................

*(૬) તેમણે આપણા માટે શું કર્યું છે કે સ્તુતિને યોગ્ય છે ? (૧ પિત્તરક ૨ : ૯)*

..................................................................................

## કેવી રીતે આપણે આરાધના કરવી જોઈએ.

(૧) જૂના કરારમાં ઈસ્ત્રાએલીઓએ ઈશ્વરને દરરોજ બલિદાનો અર્પણ કરવા જરૂરી હતા. આજે ઈશ્વર કેવા પ્રકારના બલિદાનનું અર્પણ માંગે છે ? (હિબ્રૂ ૧૩ : ૧૫)

......................., ......................., .......................,

....................... નું યજ્ઞ.

(૨) કેટલી વખત આપણે ઈશ્વરની સ્તુતિ કરવી જોઈએ ? (ગીતશાસ્ત્ર ૪૩ : ૧-૩ - હિબ્રૂ ૧૩ :૧૫)

.............................................................................

(૩) કોણે યહોવાની સ્તુતિ કરવી જોઈએ ? (ગીતશાસ્ત્ર ૧૫૦ : ૬)

.............................................................................

(૪) ઈશ્વર પ્રત્યે આપણી આરાધનામાં આપણે શેનો ઉપયોગ કરવો જોઈએ ? (ગીતશાસ્ત્ર ૬૩ : ૩-૪)

આપણાં ....................... અને .......................

(૫) પાંચ જુદા જુદા માર્ગો જણાવો. જેમાં આપણે યહોવાની સ્તુતિ કરી શકીએ ?

(ગીતશાસ્ત્ર ૪૭ : ૧, ૯૫ : ૧-૨)

......................., ......................., .......................

....................... અને .......................

(૬) આપણી આરાધનામાંથી ઈશ્વર શું પ્રાપ્ત કરે છે ? (ગીતશાસ્ત્ર ૧૪૯ : ૧-૫) .......................

(૭) ખરાં ભજનારાઓ ઈશ્વરની આરાધના કેવી રીતે કરે છે ? (યોહાન ૪ : ૨૩-૨૪)

.............................................................................

(૮) શું ઈસુ મોટા ઘાંટાવાળી તથા ભાવનાશીલ સ્તુતિથી નારાજ થયા ? (લુક ૧૯ : ૩૭) .......................

(૯) શું આરાધનામાં ઈશ્વરની આગળ નાચવું યોગ્ય છે ? (ગીતશાસ્ત્ર ૧૪૯ : ૩) .......................

(૧૦) તેમની આરાધનાનો તુચ્છકાર કરવા બદલ, દાઉદની પત્ની, મીખાલને શું થયું ? (૨ શમૂએલ ૬:૧૪-૨૩)

.............................................................................

## જ્યારે આપણે આરાધના કરીએ ત્યારે શું થાય છે ?

(૧) **ઈશ્વરની હાજરી આપણી પાસે લાવવામાં આવે છે.**

"તો પણ, હે ....................... પર બિરાજનાર તું પવિત્ર છે." (ગીતશાસ્ત્ર ૨૨ : ૩)

(૨) **ઉદાસીનતા લઈ લેવામાં આવે છે.**

યશાયા ૬૧ : ૩ કહે છે આપણે ખિન્ન આત્માને બદલી શકીએ છીએ. જ્યારે આપણે .......................

પહેરીએ છીએ.

(૩) **વિજય જીતી શકાય છે.**

જ્યારે યહોશાફાટ યુધ્ધ લડવાને ગયો, ત્યારે તેણે યહુદાના સૈન્યની આગળ સ્તોત્ર ગાનારાઓને મોકલ્યા શું થયું ? (૨ કાળવૃતાંત ૨૦ વાંચો, કલમ ૨૨ નોંધી લો)

..........................................................................................

..........................................................................................

## જ્યારે આપણે બીજી વસ્તુઓની આરાધના કરીએ છીએ ત્યારે શું થાય છે ?

(૧) જેમણે ઉત્પન્નકર્તા કરતાં ઉત્પન્ન કરેલી વસ્તુઓની આરાધના કરી તેઓનું શું થયું ? (રોમન ૧ : ૨૪-૨૫)

.........................................................................

(૨) જ્યારે આપણે ભટકી જઈએ અને ઈશ્વર સિવાય બીજી વસ્તુઓની આરાધના કરીએ ત્યારે શું થાય છે ? (પુનર્નિયમ ૧૧ : ૧૬-૧૭)

.........................................................................

## સારાંશ

આરાધના આપણી ઈશ્વર પ્રત્યે પ્રેમ, માન અને લાગણીની અભિવ્યક્તિ છે જેમણે આપણાં માટે પોતાનું બલિદાન આપ્યું. આરાધના તાજગીદાયક છે. કારણ કે તે આપણાં પોતા પરથી આપણું ધ્યાન લઈ લે છે અને તેમના પર લઈ જાય છે. આપણે જાણીએ છીએ કે ઈશ્વરની હાજરી આપણા તરફ ખેંચાય છે જ્યારે આપણે દેવની સ્તુતિ કરીએ છીએ કારણ કે બાઈબલ આપણને કહે છે કે ઈશ્વર આપણી સ્તુતિ આરાધના પર બિરાજે છે. આરાધના કદી પણ કંટાળારૂપ ના બનવી જોઈએ. પરંતુ તમે ઈશ્વરને તે અર્પણ કરો ત્યારે દરેક વખતે તે તાજી હોવી જોઈએ. જ્યારે ખરેખરા હૃદયથી અર્પણ કરવામાં આવે ત્યારે તમને હંમેશા તેમના તરફથી માયાળુ અને ઉત્તેજિત પ્રતિક્રિયા મળશે.

## ઉત્તરો

**શા માટે આપણે આરાધના કરીએ છીએ**

(૧) ઉત્પન્ન

(૨) સદાકાળ ટકે, પુષ્કળ

(૩) કૃત્યો, માહાત્મય

(૪) આશ્ચર્ય સામર્થ્ય, મદદ

(૫) તેમની કૃપા (ભલાઈ), આશ્ચર્યકારક કૃત્યો

(૬) આપણને અંધકારમાંથી તેમના આશ્ચર્યકારક પ્રકાશમાં આવવાનું આમંત્રણ આપ્યું છે.

**કેવી રીતે આપણે આરાધના કરવી જોઈએ.**

(૧) સ્તુતિરૂપી હોઠોનાં ફળ

(૨) નિત્ય (હંમેશા)

(૩) જે બધામાં શ્વાસોચ્છવાસછે.

(૪) હોઠો, હાથ

(૫) ગાઈને, હર્ષનાદ કરીને, આભારસ્તુતિ સાથે, તાળી પાડીને, જયજયકારનો નાદ કરીને

(૬) આનંદ

(૭) આત્માથી તથા સત્યતાથી

(૮) ના

(૯) હા

(૧૦) તે વાંઝણી સ્ત્રી (બાળક વિનાની) બની

**જ્યારે આપણે આરાધના કરીએ ત્યારે શું થાય છે ?**

(૧) ઈસ્ત્રાએલનાં સ્તોત્ર

(૨) સ્તુતિરૂપ, વસ્ત્ર

(૩) જ્યારે તેઓએ આરાધનાની શરૂઆત કરી, ઈશ્વરે સંતાઈને હુમલો કરનારાઓને મોકલ્યા.

**જ્યારે આપણે બીજી વસ્તુઓની આરાધના કરીએ છીએ ત્યારે શું થાય છે ?**

(૧) ઈશ્વરે તેમને અપવિત્રતાને સોંપી દીધા.

(૨) ઈશ્વર તેમના ક્રોધમાં આકાશ બંધ કરશે. વરસાદ નહિ થાય અને જમીનમાં દુકાળ પડશે.